This Question Paper consists of **10** questions and **6** printed pages.
આ પ્રશ્નપત્રમાં **10** પ્રશ્નો અને **6** મુદ્રિત પાનાં છે.

**Roll No.**
**અનુક્રમાંક**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

**Code No.** **68/SS/O/G**
**કોડ નં.**

**SET/સેટ** **A**

# GUJARATI
# ગુજરાતી
# (307)

**Day and Date of Examination :**
**(પરીક્ષાનો દિવસ અને તારીખ)** _______________

**Signature of Invigilators :**
**(નિરીક્ષકોના હસ્તાક્ષર)** **1.** _______________

**2.** _______________

સામાન્ય સૂચના :

**1.** વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

**2.** પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલા કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

**3.** ઉત્તર-પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈપણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

**4.** બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દાખલા તરીકે (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર-પુસ્તિકામાં લખવો.

**5.** પોતાની ઉત્તર-પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **68/SS/O/G-A** લખવી.



Unnati Educations
9899436384, 9654279279

# GUJARATI
## ગુજરાતી
## (307)

સમય : 3 કલાક ] [ અધિકતમ ગુણ : 100

નોંધ : (i) બધા પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

(ii) બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

(iii) બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એકસાથે કરવાના છે.

**Note :**

(1) Answers of **all** questions are to be given in the Answer-Book given to you.

(2) 15 minutes time has been allotted to read this Question Paper. The Question Paper will be distributed at 2 : 15 p.m. From 2 : 15 p.m. to 2 : 30 p.m., the students will read the Question Paper only and will not write any answer on the Answer-Book during this period.

### વિભાગ - 1 (ગુણ - 50)

**I.** એક વાક્યમાં જવાબ આપો. **10**

1. 'મંગલ શબ્દ' કાવ્યની રચના સમયે ભારત દેશ પર કોનું સામ્રાજ્ય સ્થાપિત હતું ?
2. કવિ પોતાના શરીરને ડમણી સાથે શા માટે સરખાવે છે ?
3. કવિતાના મુખ્ય કેટલા અંગો છે ? કયાં કયાં ?
4. 'ગિરિધર' કયો સમાસ છે ?
5. ગિલાનો છકડો ક્યાંથી ઉપડે ને ક્યાં પહોંચે ?
6. આપણે ઘડપણને જીવન સંધ્યા શા માટે કહીએ છીએ ?
7. 'ઈક' પર પ્રત્યય લાગ્યો હોય તેવા બે શબ્દો લખો.
8. રાજીમા એકલપંડ કેમ છે ?
9. પ્રથમ વિભક્તિ કયા નામે ઓળખાય છે ?
10. 'ઓલી કોર ગા સે' નો અર્થ શું થાય ?

**II.** માગ્યા મુજબ જવાબ આપો. **5**

1. પૂર્વપ્રત્યય કોને કહેવાય ? એક ઉદાહરણ આપી સમજાવો.
2. 'ગેર' પ્રત્યય કઈ ભાષામાંથી ગુજરાતીમાં ઉતરી આવ્યો છે ?
3. એગ વિસ્તાર પર પ્રત્યય એટલે શું ? એક ઉદાહરણ આપો.



Unnati Educations
9899436384, 9654279279

4. નીચેનામાંથી સમૂહવાચક સંજ્ઞા જુદી તારવો.

(અ) ટૂકડી (બ) માટી (ક) સોનું (ડ) સૈન્ય

5. રાજીમાએ ઢોર ન વેચ્યા (કર્મણિ વાક્ય બનાઓ)

**III.** ખાલી જગ્યા પૂરો. **10**

1. બાએ બાદીને તિલાંજલી __________ને કારણે આપી.
2. બાને મતે બાળ ઉછેર માટે સૌથી વધુ અગત્યનું લક્ષણ __________ગણાય ?
3. __________ મૃત્યુ પછી રસોડાનો હવાલો અને બહારની ખરીદી લેખકની પત્નીને મળ્યાં ?
4. 'દીવો ના બુઝે' ના લેખક __________છે?
5. બાનું પિયર ગામમાં __________ નામે પ્રતિષ્ઠિત હતું.
6 બાએ દેવું ભરવા __________ વેચી નાખ્યાં.
7. બા કુમારિલના મૃત્યુ માટે __________ ને જવાબદાર ગણાવતા.
8 ઘરભણી કાવ્યનો પ્રકાર __________ છે.
9. આખ્યાનકાર પ્રેમાનંદ __________ ના વતની હતા.
10. બેરલને માટે નાટકમાં એક બીજું નામ વપરાયું છે. તે __________ છે.

**IV.** વૈકલ્પિક પ્રશ્નોના જવાબ લખો. **25**

1. બાનાં લગ્ન એક __________ હતાં.

(A) પ્રેમલગ્ન (B) સમાધાન લગ્ન

(C) ઈચ્છા લગ્ન (D) ગોઠવાયેલા લગ્ન

2. બા કુટુંબ અને સમાજમાં વ્યસ્ત હોવાથી બધાં ભાઈ-બહેનોની જવાબદારી કોના માથે આપી પડતી હતી ?

(A) પિતાજી (B) લેખક

(C) મોટી બહેન (D) મોટાભાઈ

3. પિક્ચર અને નાટક જોવા વિશે લેખકના મનમાં શું ઠસી ગયેલું ?

(A) આ સારા છોકરાઓનું કામ નથી.

(B) ક્યારેક ક્યારેક પિક્ચર જોવામાં કંઈ ખોટું નથી.

(C) નાટક અને પિક્ચર માત્ર જોવામાં સારા લાગે તેની નકલ ન થાય.

(D) મોંઘાભાવની ટિકિટ ખરીદી તેનાં કરતાં સસ્તા ભાવની ટિકિટ ખરીદી બે પિક્ચર જોવાં.

4. રક્ષાબંધનના વ્યવહાર વખતે બા મામાના __________ ને વધુ મોટો ગણાવતા.

(A) સેવાભાવને (B) સ્વાર્થને

(C) મોભાને (D) ઉમળકાને

5. લેખકને મતે મહત્વાકાંક્ષા ખોટી નથી પણ તેને માટે ખેટલું જ __________ હોવું જોઈએ.

(A) મનોબળ (B) તપ

(C) વિશ્વાસ (D) શ્રધ્દા



Unnati Educations
9899436384, 9654279279

6. લેખકનાં પત્ની પોતાની સાસુ માટે કઈ ખરીદી લાવે તો સાસુ તે વસ્તુ બહેનોને કેમ આપી હે તાં ?

(A) સાસુને વહુ જોડે બનતું નહીં એટલે તેની લાવેલી વસ્તુ વાપરતા નહીં.

(B) વહુ હમેશા હલકી વસ્તુ લાવતી એટલે તેમને ન ગમતું માટે વાપરતા નહીં.

(C) બાને એવી માન્યતા બંધાઈ ગયેલી કે વહુ હંમેશા મોંઘી વસ્તુઓ જ લાવે, હવે ઘડપણમાં આવી વસ્તુઓ વાપરીને શું કામ ? માટે.

(D) વહુ મન વગર ફક્ત દેખાડા માટે વસ્તુઓ લાગતી માટે.

7. ખેલ ખલાસ થઈ જવો રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) ખેલ પૂરો થઈ જવો (B) ખેલમાં ખલેલ પડવી

(C) મૃત્યુ થવું (D) ખેલ ખેલ રમત પૂરી થવી

8. હાથ ખેંચાયેલો રહેવો રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) વાગવાને કારણે હાથ નાનો રહેવો (B) વિટામીનની ખામીને કારણે હાથની નસો ખેંચાવી

(C) પૈસાની તંગીનો સામનો કરવો (D) ખૂબ જ પૈસા વાપરવા

9. તે ગોપાષ્ટક ચલાવવામાં હોંશિયાર છે. અહીં ગોપાષ્ટકનો અર્થ શું થશે ?

(A) કોઈની મજાક ઉડાડવી (B) કોઈના વધાણ કરવા

(C) ખોટે ખોટું બોલે (ચલાવે) રાખવું (D) સાચાનો સામનો કરતા ડરવું નહીં

10. બા એ મૃત્યુ પહેલા શું લખી રાખેલું ?

(A) મારા મૃત્યુ પછી વિધિવત રીતે બધી વિધિ કરજો

(B) ઘરના બધા મન દુ:ખ દૂર કરી સાથે મળીને રહેજો

(C) જેમણે મારું હંમેશા ખરાબ કર્યું છે તેમને મારા મરણમાં બોલાવશો નહીં

(D) મારા મૃત્યુ પછી જમણવાર, રોકકળ અને બીજા લોકાચાર કરશો નહીં

11. દીકરી બીજવર કે મોટી ઉંમરની વ્યક્તિ સાથે પરણવાનો નન્નો ભણી હેતી કારણ કે ...

(A) તેની બહેનપણીઓએ સલાહ આપી હતી

(B) કુંવારી છોકરીએ બીજવરને ન પરણાય

(C) છોકરીને વરને પહેલી પત્નીથી થયેલા છોકરાં ઉછેરવા ન હતા

(D) છોકરીએ (બાએ) તેની નવી માનો સંસાર જોયો હતો

12. દીકરીયું નાટકનું દશ્ય-1 કયું છે ?

(A) મધુવંતીનો સાગર સંગમ દરિયા કિનારો (B) સુલતાનનું ઘર

(C) દક્ષિણનો સાગર સંગમ દરિયા કિનારો (D) રાણીનો મહેલ અને બજાર

13. સુલતાનને રાણીમાં એટલી શ્રધ્દા હોવાનું શું કારણ છે ?

(A) રાણી તેની પત્ની હતી (B) રાણી તેની સાળી હતી

(C) રાણી રાજમાતા હતી (D) રાણી પુરુષને પહોંચે તેવી હતી

14. ઘરભણી કાવ્યની પ્રથમ પંક્તિમાં દમણી શબ્દ શેના માટે વપરાયો છે ?

(A) જીવન માટે (B) ઈશ્વર માટે

(C) શરીર માટે (D) આત્મા માટે



Unnati Educations
9899436384, 9654279279

15. ઢોરાં લઘુકથામાં નીરૂપાયેલ વેદના જેવી જ વેદના નીચેનામાંથી શેમાં વર્ણવાઈ છે ?

(A) આંધળી માનો કાગળ (B) ડાઘ

(C) મારી આંખે કંકના સૂરજ (D) જૂનું પિયેર ઘર

16. ગુજરાતી ભાષામાં સામાન્ય રીતે શબ્દાન્તે આવતો 'ઈ' કેવા પ્રકારનો શબ્દ હોય છે.

(A) પુલ્લિંગ (B) સ્ત્રીલિંગ (C) નપુંસકલિંગ (D) ઉભયલિંગ

17. વર્તમાનકાળમાં સહાયકારી ધાતુના કયા રૂપ વપરાય ?

(A) હતો, હતી, હતું વગેરે (B) હતા, હતાં વગેરે

(C) હોઈશું, હશો, હશે વગેરે (D) છું, છાએ, છે, છો, છે વગેરે

18. તમે પૈસા લેતા જાવ. કયા પ્રકારનું વાક્ય છે ?

(A) પ્રશ્નાર્થ (B) ઉદ્ગાર (C) આજ્ઞાર્થ (D) નકાર

19. અગ્નિથી રોટલી રોકી શકાય છે અને ઘરને આગ પણ લગાડી શકાય છો. આ કયાં પ્રકારનાં વાક્યો છે.

(A) સંયુક્ત વાક્ય (B) સંકુલ વાક્ય

(C) મિશ્ર વાક્ય (D) સંકુલ, સંયુક્ત વાક્ય

20. આ જે બા એ <u>દૂધી-ઘટાકાનું</u> શાક કર્યું છે, રેખાંકિત શબ્દ કયો સમાસ છે ?

(A) દ્વન્દ્વ સમાસ (B) કર્મધારય સમાસ

(C) બહુવ્રીહિ સમાસ (D) તત્પુરુષ સમાસ

21. પાણીમાં તેનું ચોખ્ખું પ્રતિબિંબ દેખાનું હતું. વાક્યમાં વિશેષણ કયું છે ?

(A) પાણી (B) પ્રતિબિંબ

(C) ચોખ્ખું (D) દેખાનું

22. મારો મિત્ર અમારા કલાસમાં <u>પ્રથમ</u> નંબરે આવ્યો. રેખાંકિત શબ્દ કયા પ્રકારનું વિશેષણ છે ?

(A) સાદું સંખ્યાવાચક (B) ક્રમિક સંખ્યાવાચક

(C) આકારવાચક (D) નંબરવાચક

23. નીચેનામાંથી કયો પ્રત્યય સંસ્કૃત ભાષામાંથી ઉત્તરો આવ્યો છે ?

(A) અણ (B) કુ

(C) બે (D) ક

24. 'ટીંઠોર' શબ્દનો અર્થ શું થાય ?

(A) ટીંડોળા (B) પાદર

(C) નાકું (D) માટી

25. કન્યાને લગ્ન સમયે પહેરવા માટે પિતા તરફથી મળેલી સાડી. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

(A) પાનેતર (B) કમખો

(C) ઘાઘરો (D) લગ્ન સાડી



Unnati Educations
9899436384, 9654279279

## વિભાગ - 2 (ગુણ - 50)

**V.** નીચેનામાંથી **કોઈ પણ પાંચ** પ્રશ્નોના જવાબ લખો. **10**

1. 'મંગલપંથ' શબ્દનો અર્થ સમજાવો.
2. કવિને ઘરભણી જવાનો રસ્તો શા માટે નિર્જન અને એકાંત લાગે છે ?
3. ગિલાની વહુ કેવી છે ?
4. 'હૂંડી' સ્વીકારવા શ્રીકૃષ્ણએ શામળશા શેઠનું રૂપ શા માટે લીધું ?
5. મીરાંબાઈ કોના નામની પેટી અને કોના નામનું તાપું બનાવે છે ?
6. સાગર કિનારે બેસી ગોપાલ, રવિભા અને ચિત્રકાર શેની ચર્ચા કરે છે ?

**VI.** નીચેનામાંથી કોઈપણ **બે** પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **8**

1. છકડો વાર્તામાં કયા ચલ ચોઘડિયે એવો ઉલ્લેખ છે. તેનો સંદર્ભ જણાવી, વાર્તા વિષયક તે વાક્યની સ્પષ્ટતા કરો.
2. 'જુનૂં પિયરઘર' કાવ્યના કવિ 'બળવંતરાય ઠાકોર' નો ટૂંકમાં પરિચય આપો.
3. સુલતાનનાં લક્ષણો જણાવો.

**VII.** નીચે આપેલા પ્રશ્નોમાંથી **કોઈ પણ ત્રણ** પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. **12**

1. કવિતા કેવી રીતે વાંચીએ તો આસ્વાદી શકાય ?
2. ગિલાના પિતા શા માટે નાત-જાતમાં પૂછાવા લાગ્યા ?
3. 'મંગલપંથ' માંથી માનવ જાતે શું શીખવું જોઈએ ?
4. 'ઢોરાં' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

**VIII.** નીચે આપેલા ફકરાનું **1/3** ભાગમાં સંક્ષેપીકરણ કરો. **6**

કેવળ શ્વાસોચ્છ્વાસનું નામ જિંગદી નથી, પારકાના આધારે અને ઉપકારે જીવવું અને એનાથી દબાઈ રહેવું એ તો મૃત્યુથીએ બદતર છે. જગનિંદા કે ભયના ઓળા નીચે સબડવું એ કોઈ જિંદગી ન કહેવાય. સાચી જિંદગી છે મુક્તિમાં, સ્વતંત્રનાનું સુખ બધાથી ચડિયાતું છે. મનુષ્યે દુનિયામાં પોતાની તાકાતથી, સાચી ખુમારીથી ડોક ઊંચી રાખીને અર્થાત્ ગૌરવપૂર્ણ જીવવું જોઈએ. તેણે પોતાના આદર્શો અને વિચારો રજૂ કરતાં પાછી પાની ન કરવી જોઈએ. જીવનસંગ્રામમાં હસતે મૌએ ખપી જવું પડે તોય શું ? કહીયે કોઈને આપણી દયા ખાવાનો વારો ન આવે અને સૌ આપણી મુક્ત ભસ્તી ભરી જિંદગી જોઈ આકર્ષાય એ રીતે ઝિંદાદિલીથી જીવવું જોઈએ. આવું જ જીવન એ જ સાચું જીવન.

**IX.** તમારી શાળામાં ઉજવાયેલ સ્વશાસન દિન (વિદ્યાર્થી દિવસ) ની ઉજવણીનો અહેવાલ આશરે સો શબ્દોમાં લખો. **6**

**X.** નીચેનામાંથી કોઈ પણ **એક વિષય** પર નિબંધ લખો. **8**

1. વૃક્ષોનું માનવજીવનમાં મહત્ત્વ
2. નદીની આત્મકથા

- o O o -



Unnati Educations
9899436384, 9654279279